**બારડોલી રૂરલ પોલીસ સ્ટેશન ગુના રજી નં-૧૧૨૧૪૦૭૦૨૬૦૫૧૫/૨૦૨૬ (સી.આર.એમ.એ.જે નં.૨૮૧/૨૦૨૬) મુજબનાં ગુનાનાં કામે આરોપીની જામીન અરજી નીચે હુકમ :-**

---

સાંભળ્યા. અરજી વંચાણે લીધી. આરોપીઓ તરફે વિ.વ.શ્રી જે.પી.લીહારકર તથા ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી આર.ડી.મંસુરી નાઓ ની દલીલો સાંભળી.

આરોપીઓ તરફે વિ.વ.શ્રી લીહારકર ની દલીલ એવી છે કે, હાલનાં કામે આરોપીઓનુ સદર ગુનાના કામે કોઈ ભુમિકા નથી. તેમજ આરોપી પર પોતાના ઘરના સભ્યોની ભરણપોષણની જવાબદારી છે અને આરોપીનો કોઈપણ ગુનાહિત ઈતિહાસ નથી.તથા નાસી ભાગી જાય તેવા ઈસમ નથી અને નામ. કોર્ટ જે શરતો ફરમાવશે તેનુ ચુસ્તપણે પાલન કરશે. તેવા સંજોગોમાં હાલના આરોપીની જામીન મુક્ત કરવા નમ્ર અરજ કરેલ છે.

વધુમાં એપીપીશ્રી મંસુરી નાઓએ મુખ્ય રજુઆત કરેલ છે કે આરોપીએ બેજવાબદારી પુર્વક ડ્રાઈવીંગ કરી એક માણસનુ મુત્યુ લીધેલ છે. તેમજ બે માણસને ઘણી મોટી ઈજાઓ કરેલ છે. તથા સદર આરોપી ગુનો કર્યા બાદ સ્થળ ઉપરથી નાસી છુટેલ છે અને બાદમાં પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ છે.અને બિનજામીનપાત્ર ગુનો હોય એવા સંજોગોમાં હાલના આરોપીની જામીન અરજી ના-મંજુર કરવા અરજ કરેલ છે.

આ કામે આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. કલમ-૧૦૫,૧૦૬(૧),૨૮૧ તથા એમ.વી.એક્ટ ની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુનો દાખલ કરવામાં આવેલ છે અને એફઆઈઆર તથા કેસ ડાયરી તથા પેપર્સ વંચાણે લેતા પ્રથમ દ્રષ્ટીએ આરોપીની ભુમિકા ગુનાના કામે જણાઈ આવે છે અને ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા ઓછામાં ઓછી ૫ વર્ષની સજા તથા આજીવન કેદની સજાને પાત્ર ગુનો છે તેમજ સદર ગુનો સેશન્સ કોર્ટ દ્વારા ટ્રાયલને પાત્ર હોય તેમજ આરોપી ટ્રાયલ સમયે તેઓની હાજરી મળી રહે તેવી કોઈપણ શક્યતાઓ જણાઈ આવતી ન હોય તેવા સંજોગોમાં અત્રેની અદાલતે આરોપીને જામીન મુકત કરવો ન્યાયોચિત જણાતુ ન હોય,ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

બારડોલી રૂરલ પોલીસ સ્ટેશન ગુના રજી નં-૧૧૨૧૪૦૭૦૨૬૦૫૧૫/૨૦૨૬ ના કામે બી.એન.એસ.કલમ-૧૦૫,૧૦૬(૧),૨૮૧ તથા એમ.વી.એક્ટ ની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનાં ગુનાના કામે હાલના આરોપી -અભિરાજ જીતેન્દ્રસીંહ ઠાકોર નાઓની જામીન અરજી આથી **ના-મંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭-૦૭-૨૦૨૬
બારડોલી.

જે.એલ.પરમાર
એડી.સીવીલ જજ અને જે.એમ.એફ.સી.,
બારડોલી.
કોડ નં-જીજે૦૧૪૭૧